



Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT — ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર — Mo- 9016924808 — સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-03, ISSUE- 05,(SURAT), DATE-23/07/2025, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૩, અંક-૦૫, (સુરત), તા.૨૩/૦૭/૨૦૨૫ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીકટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.



2 ગુજરાતમાં ૨૬ જુલાઈથી સાપુતારા મોન્સૂન ફેસ્ટિવલ- ૨૦૨૫ યોજાશે

3 પ્લાસ્ટિક મુક્ત અભિયાનઃ સોનગઢમાં ૧૦૦૦ કાપડની થેલીનું વિતરણ

4 સુરત ગ્રામ્ય વિસ્તારમાં માંડવી પોલીસે 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ અંતર્ગત મહત્વની સફળતા મેળવી છે


## મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને માંડવી ખાતે તા.૯ ઓગષ્ટ-વિશ્વ આદિવાસી દિનની રાજયકક્ષાની ઉજવણી થશે

### આદિજાતિ રાજયમંત્રી કુંવરજીભાઈ હળપતિના અધ્યક્ષસ્થાને માંડવી ખાતે વિશ્વ આદિવાસી દિનની ઉજવણીના આયોજન અને પૂર્વતૈયારી અંગે બેઠક યોજાઇ

**રિપોર્ટર- દક્ષેશ પટેલ, માંડવી -** મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને માંડવી ખાતે તા.૯ ઓગષ્ટ-વિશ્વ આદિવાસી દિનની રાજયકક્ષાની ઉજવણી થશે. જે સંદર્ભે આદિજાતિ રાજયમંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિના અધ્યક્ષસ્થાને માંડવી તાલુકા પંચાયત ખાતે વિશ્વ આદિવાસી દિનની ઉજવણીના આયોજન અને પૂર્વતૈયારી અંગે બેઠક યોજાઇ હતી. બેઠકમાં સાંસદ પ્રભુભાઈ વસાવા પણ





વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

બેઠકમાં આદિજાતિ મંત્રીશ્રીએ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં માંડવી નગરપાલિકા ગ્રાઉન્ડ ખાતે થનારી વિશ્વ આદિવાસી દિનની ઉજવણીની પૂર્વતૈયારીઓની સમીક્ષા કરી હતી. વિવિધ વહીવટી વિભાગોને વીજળી, પાણી, પોલીસ વ્યવસ્થા સહિતની મૂળભૂત સુવિધાઓ ઊભી કરવા જણાવ્યું હતું.

## માંડવી પોલીસ તંત્ર દ્વારા ધૂમ સ્ટાઇલથી બાઇક ચલાવતા રોમિયોગીરી કરતા વાહન ચાલકો પર લાલ આંખ કરાય



**રિપોર્ટર- દક્ષેશ પટેલ, માંડવી -** માંડવી નગરમાં હાઇસ્કુલ તથા કોલેજના સમયે ધૂમ સ્ટાઇલથી વાહન હંકારતા લબર મુછીયા ઉપર પોલીસ તંત્ર દ્વારા કડક હાથે કાર્ય કરવામાં આવી. જેમાં માંડવી પી.આઈ ચૌહાણ તથા તેમની ટીમ દ્વારા હાઇસ્કુલ તથા કોલેજના સમયે વોચ ગોઠવી ૧૦ જેટલા વાહનો હંકારતા લબર મુછીયાઓને પકડી પાડી આરટીઓ મેમો આપી વાહન ડીટેઇન કરવામાં આવ્યા હતા. તેમજ ધ્વનિ પ્રદુષણ ફેલાવતા મોડીફાઇડ વાહનોના સાઇલેન્સર દૂર કરાયા.

પોલીસ તંત્ર દ્વારા કડક હાથે કાર્યવાહી કરાતા ધુમ સ્ટાઇલ થી વાહન ચલાવતા રોમિયોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

## માંડવી નગરપાલિકા દ્વારા અંધાત્રી ગામ ખાતે ૧ કરોડ ૪૬ લાખના ખર્ચે વિવિધ વિસ્તારોમાં પાણીની લાઈનનું ખાતમુહરત કરાયું

**રિપોર્ટર- દક્ષેશ પટેલ, માંડવી -** માંડવી નગરપાલિકા દ્વારા અંધાત્રી મુકામે ૧૫ માં નાણાપંચ ટાઇડ ગ્રાન્ટ માંથી અંધાત્રી ગામે ESR અને વિવિધ વિસ્તારમાં પાણીની લાઈન નું કામ ૧.૪૬ લાખના ખર્ચે કરવામાં આવનાર છે જેનું ખાતમુરત માંડવીનગર પાલિકાના પ્રમુખ નિમેષભાઈ શાહ, માંડવી નગર ભાજપ પ્રમુખ પ્રિતેશભાઈ રાવળ, ચીફ ઓફિસર પૂર્વીબેન પટેલ, કારોબારી અધ્યક્ષ કિરીટભાઈ પટેલ અને પાણી સમિતિ અધ્યક્ષ આનંદભાઈ શાહ દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં નગરપાલિકાના સર્વે કોર્પોરેટરો સંગઠનના





હોદ્દેદારો અને ગ્રામજનો હાજર રહ્યા હતા.

## સુરત જિલ્લાના માંડવી નગરમાં દિવાળીના તહેવારમાં

### ફટાકડાની દુકાનો નગર પાલિકા ગ્રાઉન્ડ ખાતે ફાળવવા માંડવી પ્રાંત અધિકારી તેમજ મામલતદાર તથા ચીફ ઓફિસરને આવેદનપત્ર અપાયું

**રિપોર્ટર- દક્ષેશ પટેલ, માંડવી -** માંડવી નગરમાં છેલ્લા ૨૦ વર્ષથી ફટાકડા નો વ્યવસાય કરતા ફટાકડા વેપારી મંડળ દ્વારા પ્રાંત અધિકારી તથા ચીફ ઓફિસરને આજ રોજ આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. તેમાં જણાવ્યું હતું કે અમો વખતો વખત સરકારશ્રીના નિયમ મુજબ ફટાકડા નો વ્યવસાય કરતા આવ્યા છે .

અમોને ગત વર્ષે માંડવી પાલિકા દ્વારા ફટાકડા નો વ્યવસાય કરવા નગર પાલિકા ગ્રાઉન્ડ નીખુલ્લી જગ્યા ખાતે જગ્યા ફાળવી સુંદર આયોજન કર્યું હતું. તેવી જ રીતે આ વર્ષે પણ નગરપાલિકાના ગ્રાઉન્ડ ખાતે આયોજન કરી આપવા આજરોજ માંડવી પ્રાંત અધિકારી તેમજ મામલતદાર શ્રી અને ચીફ ઓફિસરને આવેદનપત્ર આપવામાં આવેલ છે. અમોને લાયસન્સ મેળવવા માં આસાની રહે છે તથા વીમો મેળવવા માટે પણ અમને સરળતા રહે છે . જો





બજારમાં જગ્યા ફાળવવામાં આવે તો અમોને લાયસન્સ અને વીમો મેળવવાની શક્યતા નહીવત રહેલ છે અને બજાર વિસ્તારમાં રસ્તાની પહોળાઇ ૧૫ ફૂટ હોય ટ્રાફિકની સમસ્યા ખૂબ જ મોટા પ્રમાણમાં ઉદ્ભવે છે .અને જો આ અન્ય કોઈ અકસ્માત થાય તો ખૂબ મોટી જાનહાની નુકસાન થાય અને બજારમાં આવેલ ઘરોને પણ નુકસાન થાય એમ છે. અગ્નિશામક વાહનો પણ પ્રવેશ કરી શકે તેમ નથી .જેથી આગ લાગે તો ભરપાઈ કરી શકવી મુશ્કેલ છે. દિવાળીએ હિંદુ ધર્મનો મોટો તહેવાર હોય ત્યાં ખરીદી કરવા માંડવી તાલુકા માંથી ખૂબ મોટી સંખ્યામાં લોકો બજારમાં કપડાં તથા અન્ય સામગ્રી ખરીદવા આવતા હોય છે ગત વર્ષે બરોડિયાવાડ માં આગ લાગતા મોટુ નુકસાન થવા પામેલ હતું. જેથી આવા બનાવ ફરી પાછા ન બને જેના સાવચેતીના પગલા રૂપે અમોને માંડવી પાલિકા ગ્રાઉન્ડ ખાતે દુકાન ફાળવી આપવા વિનંતી છે .

## માંડવી અંધાત્રી રાણી ફળિયામાંથી કોઢાર માંબાંધેલુ વાછરડુ ને ખેતરમાં લઈ જઈ દીપડાએ ફાડી ખાધું



### દિપડો અવારનવાર અંધાત્રી ગામમાં રાત્રી દરમિયાન આંટાફેરા મારતો હતો. જેને કારણે ખેતરે પાણી પાવા જનાર ખેડૂતોમાં ભય સેવાઈ રહ્યો છે.

**રિપોર્ટર- દક્ષેશ પટેલ, માંડવી -** માંડવી અંધાત્રી રાણી ફળિયામાં રહેતા કમલેશભાઈ ચૌધરી ના કોઢારમાં માં વાછરડું બાંધવામાં આવ્યું હતું. રાત્રિ દરમિયાન દીપડો અંધાત્રી ગામમાં આવ્યો હતો અને દીપડો કોઢાર માં ઘૂસી જઈને દીપડા એ વાછરડા ને પકડીને ખેતરમાં લઈ ગયો હતો જયાં તેને ફાડી ખાધું હતું.

દિપડો અવારનવાર અંધાત્રી ગામમાં રાત્રી દરમિયાન આંટાફેરા મારતો હતો. જેને કારણે ખેતરે પાણી પાવા જનાર ખેડૂતોમાં ભય સેવાઈ રહ્યો છે. આ ઘટનાની જાણ માંડવી પાલિકા સભ્ય રાજમીનભાઈ ચૌધરી દ્વારા વન વિભાગને જાણ કરવામાં આવી હતી. જેને અનુલક્ષીને વન વિભાગના કર્મચારીઓ ઘટના સ્થળે આવી પહોંચી નિરીક્ષણ કરી તાત્કાલિક પાંજરું મુકવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

## સુરત જિલ્લાના ભેસાણ, મલગામાં, સેગવાછામાં અને સીથાણા આંગણવાડી કેન્દ્ ના બાળકો ને બેક ઓફ બરોડા તરફથી સ્કુલ બેગ અને ફૂડ પેકેટ નું વિતરણ કરવામાં આવ્યું



બેક ઓફ બરોડા ના ૧૧૮ મા સ્થાપના દિન નિમિત્તે, ભેસાણ શાખા ના મેનેજર શ્રી કમલેશ બચ્છાવ તથા સ્ટાફ અને આંગણવાડીની બહેનોની ઉપસ્થિતિમાં શાખા અંતર્ગત આવતી ભેંસાણ ની 3 આંગણવાડી, મલગામા આંગણવાડી, સિથાણા આંગણવાડી અને સેગવાચ્છ્મા આંગણવાડી મા બાળકો ને સ્કૂલ બેગ કીટ તથા ફૂડ કીટ વિતરણ કરી ને ઉજવણી કરવામાં આવી.

વડોદરા ના મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજા દ્વારા આ બેકની સ્થાપના કરવામાં આવી હતી. ૨૦ જુલાઈ ૧૯૦૮ ના દિવસે ગુજરાતના દેશી રાજય વડોદરા ( બરોડા ) માં કરવામાં આવી હતી. આ બેંકનું અન્ય ૧૩ મુખ્ય વ્યાપારી બેકો સાથે ૧૯ જુલાઈ ૧૯૬૯ ના દિવસે ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યુ હતુ. ઉપરોક્ત તમામ માહિતી ચોર્યાસી તાલુકાના પી. એસ. ઈ. ઇન્સ્ટ્રક્ટર કૌશિકાબેન પટેલ દ્વારા આપવામાં આવી હતી. આ તકે આંગણવાડી કાર્યકર બેનો વતી તેમને બેક ઓફ બરોડા ના મેનેજર શ્રી કમલેશ બચ્છાવ અને સ્ટાફ નો આભાર વ્યક્ત કર્યો હતો.

**વડોદરા ના મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજા દ્વારા આ બેકની સ્થાપના કરવામાં આવી હતી. ૨૦ જુલાઈ ૧૯૦૮ ના દિવસે ગુજરાતના દેશી રાજય વડોદરા ( બરોડા) માં કરવામાં આવી હતી.**


ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક અખબાર (સુરત)
YouTube
GUJARAT AATMIYATA
www.gujarataatmiyata.in

ATMIYA PROPERTIES
Atmiya Propaties Bardoli
Mo: 9016924808

ખેતીલાયક જમીન . ફાર્મ હાઉસ .
દુકાન પ્લોટ ફ્લેટ . રો હાઉસ.
ખરીદવા અને વેચવા .લોન મેળવવા માટે .
બારડોલી માં ફ્લેટ અને રો હાઉસ
ભાડે થી આપવા અને લેવા માટે સંપર્ક કરો....

શાસ્ત્રી રોડ, બારડોલી


ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA

(WEEKLY)-SURAT

## ગુજરાતમાં ૨૬ જુલાઈથી સાપુતારા મોન્સૂન ફેસ્ટિવલ- ૨૦૨૫ યોજાશે, ૨૩ દિવસ અદ્ભુત કાર્યક્રમો-રમતોનું આયોજન



ગુજરાતના સાપુતારા હિલ સ્ટેશન ખાતે આગામી ૨૬ જુલાઈથી ૧૭ ઓગસ્ટ સુધી સાપુતારા મોન્સૂન ફેસ્ટિવલ ૨૦૨૫ યોજાશે. ૨૩ દિવસ સુધી યોજાનાર આ ફેસ્ટિવલના પ્રથમ દિવસે ગુજરાત સહિત ૧૩ રાજયોના ૩૫૪ કલાકારો દ્વારા 'ભવ્ય કાર્નિવલ પરેડ' યોજાશે. ૨૬ જુલાઈના રોજ સવારે ૯ કલાકે રસાપુતારા મોન્સૂન ફેસ્ટિવલ -૨૦૨૫ નો શુભારંભ થશે. જેમાં વિવિધ સાપ્તાહિક કાર્યક્રમોમાં ગુજરાતના ખ્યાતનામ કલાકારો તેમજ કેરળનું 'થેકકિનકાડુ અટ્ટમ મ્યુઝિકલ બેન્ડ' પ્રસ્તુતિ રજૂ કરાશે.

ગુજરાતમાં સાપુતારા મોન્સૂન ફેસ્ટિવલ-૨૦૨૫ યોજાવાનો છે, ત્યારે ફેસ્ટિવલના ૨૩ દિવસ દરમિયાન દર સપ્તાહના અંતે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. જેમાં રંગારંગ ઉદ્ઘાટન-સ્ટેજ કાર્યક્રમમાં ગુજરાત, તમિલનાડુ, કેરલ, મણિપુર, ઉત્તર પ્રદેશ, દિલ્હી, મહારાષ્ટ્ર, હિમાચલ પ્રદેશ, પંજાબ, રાજસ્થાન, પશ્ચિમ બંગાળ, આસામ, કર્ણાટક, અને હરિયાણાના કુલ ૮૭ કલાકારો દ્વારા ડાંગી, બેડા ગરબા, હોલી ડાન્સ, મણિયારો, યશગાના, પુંગ, રૌફ, ટિપ્પણી, ભરતનાટ્યમ, મોહોનીઅટ્ટમ, નાટી, કથકલી, મણિપુરી રાસ, લાંગા, કલબેલિયા, ડોલુકુનીથા, ધાન્ગ્રી, ભાંગડા, ધુમ્મર, છાઉ ડાન્સ, બિહુ અને કથક જેવા નૃત્યો પ્રસ્તુત કરાશે.

સમગ્ર ફેસ્ટિવલમાં પ્રથમ સપ્તાહને 'ટ્રાઇબલ હેરિટેજ' વીકનું ભવ્ય આયોજન કરાયું છે. જયારે અન્ય સાપ્તાહિક કાર્યક્રમોમાં ગીતા રબારી, પાર્થ ઓઝા, રાગ મહેતા જેવા ગુજરાતના ખ્યાતનામ કલાકારો સંગીતની મજા આપશે. આ ફેસ્ટિવલમાં ૨૩ દિવસ દરમિયાન રેઇન ડાન્સ, ફોરેસ્ટ ટ્રેલ, અલગ અલગ સેલ્ફી ઝોન, થીમ પેવેલિયન ઇવેન્ટ સહિત વિવિધ પારંપરિક રમતોનું આયોજન કરવામાં આવશે.

## AAPના ધારાસભ્ય ચૈતર વસાવાએ હજુ રહેવું પડશે જેલમાં



ગુજરાત હાઈકોર્ટમાં જામીન અરજીની સુનાવણીમાં પડી મુદત. ગુજરાત સરકાર વતી વકીલે સમયની માંગ કરતા સુનાવણી મુલતવી. ૫ ઓગસ્ટના વધુ સુનાવણી હાથ ધરાશે.

## દેશની ૧૫૯ સ્કૂલ અને અમદાવાદ એરપોર્ટને થ્રેટ મેલ: વેસુની જી.ડી.ગોએન્કા સ્કૂલ અને પીપલોદની લેન્સર આર્મી સ્કૂલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી, બોમ્બ સ્કવોડ દ્વારા તપાસ

સુરત- ગુજરાતના સુરત સહિત દેશભરની કુલ ૧૫૯ શાળાઓને ગઇકાલે (૨૧ જુલાઇ) મોડી રાત્રે ધમકીભર્યા ઈ-મેલ મળતા ખળભળાટ મચી ગયો છે. આ ઈ-મેલમાં શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની અને 'બ્લડ બાથ' (મોટો સંહાર) નો ઉલ્લેખ કરવામાં આવતા સુરક્ષા એજન્સીઓ દોડતી થઇ ગઇ છે. સુરતના વેસુ વિસ્તારમાં આવેલી જી.ડી.ગોએન્કા સ્કૂલ અને પીપલોદમાં આવેલી લેન્સર આર્મી સ્કૂલને બોમ્બથી ઉડાવી દેવાનો ધમકીભર્યો ઈ-મેલ મળ્યો છે. ધમકી મળતા જ વિદ્યાર્થીઓને તાત્કાલિક સ્કૂલમાંથી રજા આપી દેવાઇ છે. આ સાથે પોલીસને જાણ કરતા જ તાત્કાલિક વેસુ પીઆઇ, એસીપી સહિતનો પોલીસ કાફલો સ્કૂલે પહોંચી ગયો હતો. બોમ્બ-સ્કવોડની મદદથી સ્કૂલમાં તપાસ કરાઇ રહી છે. ઉલ્લેખનીય છે કે આજે સવારે અમદાવાદ એરપોર્ટ પર પણ બોમ્બ બ્લાસ્ટની ધમકી મળી હતી.

DCP વિજયસિંહ ગુર્જરે જણાવ્યું કે મંગળવારે રાત્રે ૧૨:૫૯ વાગ્યે Outjacked50.@gmail.com



નામના મેલ આઇડી પરથી ૧૫૯ શાળાઓને એકસાથે ઈ-મેલ કરવામાં આવ્યા હતા. આમાં સુરત, ગુજરાત સહિત ભારતભરની શાળાઓ સામેલ છે. તમામ શાળાઓના ઓફિશિયલ મેલ આઇડી પર આ ધમકીભર્યા મેલ આવ્યા હતા, જેમાં 'શાળાઓમાં બોમ્બ અને બ્લડ બાથ' હોવાની વાત કરવામાં આવી હતી.

વધુમાં જણાવ્યું હતું કે બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ ટીમ તાત્કાલિક બંને શાળાઓએ પહોંચી હતી. સાવચેતીના ભાગરૂપે શાળાઓને ખાલી કરાવી, બાળકો અને શિક્ષકોને સુરક્ષિત સ્થળે મોકલી દેવામાં આવ્યા હતા.

સમગ્ર મામલે સાયબર સેલ દ્વારા તપાસ કરાઇ રહી છે. પોલીસને ધમકી આપનાર મેલ આઇડી મળી ગઇ છે અને તેના આધારે સાયબર સેલ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે.

## ગુજરાતની શાળાઓમાં શનિવારનો 'નો બેગ ડે' વાલીઓ માટે 'ખર્ચનો ડે' બન્યો?



ગુજરાતની પ્રાથમિક શાળાઓમાં શનિવારના રોજ 'નો બેગ ડે' જાહેર થતાં શાળાઓએ ઇતર અને રમતગમતની પ્રવૃત્તિઓ વધારી છે, પરંતુ આ નિર્ણય વાલીઓ માટે આર્થિક બોજ સમાન બની રહ્યો છે. થોડા સમય પહેલાં રાજય સરકારે વિદ્યાર્થીઓને શનિવારે અભ્યાસ કરાવવાને બદલે રમતગમત અને અન્ય ઇતર પ્રવૃત્તિઓ કરાવવાની સૂચના આપી હતી. શરુઆતમાં કેટલીક શાળાઓએ 'નો બેગ ડે'નો અમલ ન કરતાં જિલ્લા શિક્ષણ અધિકારી કચેરીએ તેમને તાકીદ કરી હતી અને રાજય સરકારની સૂચનાનું પાલન કરવા જણાવ્યું હતું. જોકે, હાલ વરસાદી માહોલ હોવાથી શાળાના ગ્રાઉન્ડમાં રમતગમતની પ્રવૃત્તિઓ શક્ય બની રહી નથી. જેના પગલે, શાળાઓએ વર્ગખંડમાં જ વિદ્યાર્થીઓને વિવિધ પ્રવૃત્તિઓ કરાવવાનું શરુ કર્યું છે.

આ પ્રવૃત્તિઓ માટે કેટલીક શાળાઓએ વાલીઓ પાસેથી જથ્થાબંધ સ્ટેશનરીનો સામાન મંગાવી લીધો છે, જાણે કે આગામી છ મહિના સુધી તેની જરૂર પડવાની હોય. આના કારણે વાલીઓ પર અણધાર્યું આર્થિક ભારણ આવી પડ્યું છે. 'નો બેગ ડે'નો મૂળ હેતુ વિદ્યાર્થીઓ પરથી ભણતરનો બોજ ઘટાડવાનો હતો.

પરંતુ હાલની સ્થિતિ જોતાં લાગે છે કે આ નિર્ણય વાલીઓના ખિસ્સા પર બોજ વધારી રહ્યો છે.

## રાજયના કક્ષાના વન અને પર્યાવરણ મંત્રી મુકેશભાઈ પટેલના હસ્તે

## ઉમરગામના વંકાસમાં વન કવચનું લોકાર્પણ સાથે એક પેડ નામ કે નામ ૨.૦ અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

**એક પેડ મા કે નામ ૨.૦ અભિયાન હેઠળ મંત્રીશ્રીએ ૧૨ હજારથી વધુ રોપાનું વાવેતરના શ્રીગણેશ કરાવિયા**




**(જે સ્કૂલમાં ભણ્યા હોય ત્યાં એક વૃક્ષ રોપીએ, ઘરમાં કોઈનો જન્મ દિવસ હોય ત્યારે એક વૃક્ષ રોપીએ અને પરિવારમાં કોઈ સ્વજનનું અવસાન થાય ત્યારે એક વૃક્ષ રોપી સાચી શ્રધ્ધાંજલિ આપીએ: મંત્રીશ્રી મુકેશભાઈ પટેલ દ્વારા જણાવાયું)**

જિલ્લાના ઉમરગામ તાલુકાના વંકાસ ગામે ૨૨એક પેડ માં કે નામ ૨.૦ અભિયાન અંતર્ગત રાજયકક્ષાના વન, પર્યાવરણ અને ક્લાયમેન્ટ ચેન્જ, જળ સંપત્તિ અને પાણી પુરવઠા, ગુજરાત રાજય વિભાગના મંત્રીશ્રી મુકેશભાઈ પટેલના અધ્યક્ષપદે વન કવચ વંકાસનું લોકાર્પણ અને વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. આ સાથે મંત્રીશ્રીએ દીપડાના વધતા બનાવોને પગલે વાઈલ્ડલાઈફ રેસ્ક્યુ વાનને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. વંકાસ ખાતે મિયાવાંકી જાપાનીઝ પદ્ધતિથી ૧૨૪ જેટલી જાતના ૨૦ હજાર વૃક્ષોનું બે હેક્ટર જમીનમાં વાવેતર કરી વન કવચનું નિર્માણ કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે વનમંત્રીશ્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું કે, દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગત વર્ષે દેશની ૧૪૦ કરોડની જનતાને આહવાન કર્યું કે, દુનિયામાં સૌથી અમૂલ્ય સંબંધ હોય તો એ માઁ નો સંબંધ છે, કોઈપણ વ્યક્તિ માઁ નું ઋણ ચૂકવી શકતો નથી પણ આપણે માઁ નું ઋણ ચૂકવવા એક પેડ માઁ નામ રોપી પોતાની ફરજ અદા કરી શકીએ છે.

## સ્વામિત્વ યોજનામાં મિલકત ધારકોને સનદ હવે વિનામૂલ્યે અપાશે, અંદાજે ૨૫ લાખ લોકોને થશે લાભ



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજયના ગ્રામીણ વિસ્તારના મિલકત ધારકોને વિનામૂલ્યે સનદ આપવાનો નિર્ણય કર્યો છે. ભારત સરકારના પંચાયતી રાજ, વિભાગ દ્વારા ગ્રામીણ વિસ્તારના મિલકત ધારકોને પ્રોપર્ટી કાર્ડ આપવાના આશયથી આ સ્વામિત્વ યોજના શરુ કરવામાં આવી છે. આ રસર્વે ઓફ વિલેજીસ એન્ડ મેપિંગ વિથ ઇમ્પ્રોવાઈઝડ ટેક્નોલોજી ઇન વિલેજ એરીયા (સ્વામિત્વ) અન્વયે ડ્રોન ટેક્નોલોજી દ્વારા ગ્રામીણ વિસ્તારના આબાદી એરિયાની મિલકતોનો ડ્રોન સર્વે કરીને ગ્રામ્ય પ્રજાને પ્રોપર્ટી કાર્ડ પૂરા પાડવામાં આવે છે. આવા પ્રોપર્ટી કાર્ડની પ્રથમ નકલ મિલકત ધારકોને વિના મૂલ્ય આપવામાં આવે છે.

જમીન મહેસુલ અધિનિયમ ૧૮૭૯ની જોગવાઈ મુજબ મિલકત ધારક પાસેથી રૂ. ૨૦૦ ની સર્વે ફી લઈને આપવામાં આવતી સનદ હવે ગ્રામીણ મિલકત ધારકોને નિ:શુલ્ક આપવાનો નિર્ણય કર્યો છે. હવે રાજયમાં સ્વામિત્વ યોજના અંતર્ગત ગ્રામીણ વિસ્તારના મિલકત ધારકોને પ્રોપર્ટી કાર્ડની નકલ ઉપરાંત તેમના રહેણાંકની મિલકતના હક્ક દર્શાવતી સનદ પણ વિના મૂલ્યે મળશે. રાજયમાં આવી અંદાજે ૨૫ લાખ ગ્રામીણ મિલકત સનદ વિતરણ માટે આશરે ૫૦ કરોડ રૂપિયાનું ભારણ રાજય સરકાર લેશે.

ગ્રામીણ વિસ્તારના નાના, ગરીબ અને મધ્યમ વર્ગીય મિલકત ધારકોને સનદ મેળવવા માટે રૂ. ૨૦૦ ની ફીમાંથી મુક્તિ આપવાના નિર્ણયથી ગ્રામીણ નાગરિકોને તેમની મિલકતના હક્ક દર્શાવતી સનદ મેળવવામાં સરળતા કરીને ઇઝ ઓફ લિવિંગ સાકાર કર્યું છે.

સ્વામિત્વ યોજનાનો હેતુ ડ્રોન ટેક્નોલોજી દ્વારા ગ્રામ્ય વિસ્તારના આબાદી એરીયાની મિલક્તોના ડ્રોન સર્વે કરી ગ્રામ્ય પ્રજાને પ્રોપર્ટી કાર્ડ પૂરા પાડવાનો છે.

## એલર્ટ:૮૦થી વધુ તળાવોમાં ડ્રોનથી ૨૦૦૦ લીટર બાયો લાર્વિસાઇડનો છંટકાવ કરાયો



ગાંધીનગર- ગાંધીનગર મહાનગરપાલિકા એ મચ્છરજન્ય રોગચાળા નિયંત્રણ માટે અભિનવ પહેલ કરી છે. શહેરના ૮૦ થી વધુ તળાવોમાં ડ્રોન ટેક્નોલોજીનો ઉપયોગ કરીને બાયો લાર્વિસાઈડ દવાનો છંટકાવ કરવામાં આવ્યો છે. વાવોલ, કોલવડા, સરગાસણ, કુડાસણ, ભાઈજીપુરા, પોર, અંબાપુર અને ખોરજ સહિતના વિસ્તારોમાં આવેલા તળાવોમાં પ્રથમ રાઉન્ડનો છંટકાવ પૂર્ણ થયો છે. આ અભિયાન હેઠળ લગભગ બે હજાર લીટર દવાનો છંટકાવ કરવામાં આવ્યો છે. આ બાયો લાર્વિસાઈડ દવા માત્ર મચ્છરના પોરાને જ નષ્ટ કરે છે અને તળાવમાં રહેતા અન્ય જીવો પર કોઈ નુકસાનકારક અસર કરતી નથી.

આરોગ્ય વિભાગ રહેણાંક વિસ્તારો, બાંધકામ સાઈટ્સ, શૈક્ષણિક અને ધાર્મિક સંસ્થાઓમાં પણ સતત નિરીક્ષણ કરી રહ્યું છે. ડ્રોન દ્વારા સર્વેલન્સ કરી મચ્છરોના બ્રીડિંગ પોઈન્ટ્સ શોધવામાં આવી રહ્યા છે. આ સ્થળો પર ગ્રાઉન્ડ ટીમો મોકલી દવાનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે.

જુલાઈ મહિનો ડેન્ગ્યુ વિરોધી માસ તરીકે ઉજવવામાં આવી રહ્યો છે. આરોગ્ય વિભાગની ટીમો દ્વારા એક સપ્તાહમાં સમગ્ર કામગીરી પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. ગત વર્ષે તળાવોમાં ઓઈલ બોમ્બનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જયારે આ વર્ષે ડ્રોન ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.


## ।। બેસણું ।।



**સ્વ. કૈલાશબેન મહેન્દ્રસિંહ મોરી**

તા. ૨૧/૦૭/૨૦૨૫ ને સોમવાર (ઉ. વર્ષ ૬૦)

દિલગીરી સાથે જણાવવાનું કે મારા ધર્મપત્ની
સ્વ. કૈલાશબેન મહેન્દ્રસિંહ મોરી સ્વર્ગવાસ પામ્યા છે. તેમનું સદ્ ગતનું
બેસણું તા. ૨૫/૦૭/૨૦૨૫ ને શુક્રવાર ના રોજ બપોરે ૨:૦૦ થી ૫:૦૦
કલાકે નીચે જણાવેલ સ્થળે રાખવામાં આવેલ છે.

"નિત્ય અમારા મનમાં, નિરંતર અમારા હૃદયમાં"
ભગવાન આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

સ્થળ :-
મુ. પાલી તા. કામરેજ જિ. સુરત
મો. નં. ૯૯૧૩૦૬૩૨૬૨ / ૯૮૨૫૯૩૧૧૭૭

લિ. (શોકાતુર) :-
મહેન્દ્રસિંહ છત્રસિંહ મોરી
હઠેસિંહ છત્રસિંહ મોરી
પ્રવિણસિંહ છત્રસિંહ મોરી
રણજીતસિંહ બહાદુરસિંહ મોરી
વિરમસિંહ બહાદુરસિંહ મોરી



## અશ્રુભિની શ્રધ્ધાંજલિ



**સ્વ. માધુસિંહ ગોવિંદસિંહ ચૌહાણ**
**સ્વ. તા. ૧૬-૦૭-૨૦૨૫ બુધવાર**

**નથી હયાત તમે પણ સાથે હોય એવું લાગ્યા કરે છે.**
**હર પલ હાજરીનો આભાસ લાગ્યા કરે છે.**
**ક્યારેક કહેવાયેલ વાતોના ભણકારા વાગ્યા કરે છે.**
**યાદોમાં તમારા પ્રત્યક્ષ દર્શન થયા કરે છે.**
**પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.**

લિ

કલ્યાણસિંહ રૂપસિંહ ઠાકોર (ભાઈ)
રણજીતસિંહ ડાહ્યાભાઈ ઠાકોર (ભાઈ)
પ્રવિણસિંહ અભેસિંહ ઠાકોર (ભાઈ)
પ્રવિણસિંહ પ્રભાતસિંહ ઠાકોર (ભત્રીજા)
દીલીપસિંહ બળવંતસિંહ ઠાકોર (ભત્રીજા)
હેમાંશુસિંહ કાંતિલાલ ઠાકોર (ભત્રીજા)
સ્વ. મહેન્દ્રસિંહ માધુસિંહ ચૌહાણ (પુત્ર)
અશોકસિંહ માધુસિંહ ચૌહાણ (પુત્ર)
અમીતસિંહ મહેન્દ્રસિંહ ચૌહાણ (પૌત્ર)
યશપાલસિંહ અશોકસિંહ ચૌહાણ (પૌત્ર)
વિવાનસિંહ અમીતસિંહ ચૌહાણ (પ્રપૌત્ર)
નરેન્દ્રસિંહ ભીમસિંહ દેવધરા (બનેવી) અંત્રોલી
જસવંતસિંહ ડાહ્યાભાઈ સોલંકી (બનેવી) ડાંભા
જનકસિંહ મોહનસિંહ ચાવડા (જમાઈ) ભાદા
અજયસિંહ નરેન્દ્રસિંહ દેવધરા (ભાણેજ) અંત્રોલી
હરજીતસિંહ જનકસિંહ ચાવડા (ભાણેજ) ભાદા
ગુલાબબેન નરેન્દ્રસિંહ દેવધરા (બેન)
પદમાબેન જસવંતસિંહ સોલંકી (બેન)
પ્રભાવતીબેન જનકસિંહ ચાવડા (પુત્રી)

**મુ.પો. પાલી, તા. કામરેજ, જિ. સુરત.**

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ........



તંત્રી–
હિમાંશુસિંહ ઠાકોર

## દુનિયાભરમાં યૂથ સ્કિલનો અભાવ : પાકા ઘડે કાંઠા ચડતા નથી!

યુવાનોમાં કોઈને કોઈ કૌશલ્ય વિકસે તે માટે આખી દુનિયામાં સેંકડો ઈન્સ્ટિટ્યૂટ ચાલે છે, છતાં આજેય કરોડો યુવાનોને ૩૦ વર્ષેય ઢંગનું એક કામ કેમ આવડતું નથી?

આ ગુજરાતી કહેવતનો અર્થ બહુ સમજવા જેવો છે અને બહુ જ પ્રચલિત પણ છે. ઘડો જ્યારે નીભાડામાં પાકતો હોય ત્યારે જ એના કાંઠા બનાવી દેવા પડે છે. એક વખત ઘડો ભઠ્ઠીમાં પાકી જાય પછી છેલ્લી ઘડીએ યાદ આવે કે ઘડાનું મોઢું ચોક્કસ આકારનું બનાવવાનું રહી ગયું, તો પછી એ ન બને. માટલું બની ગયા પછી એના પર કાંઠો અલગથી ચડાવી શકાય નહીં. એ કામ ઘડો કાચો હોય ત્યારે થાય તો થાય, ન થાય તો પછી કાંઠા વગર ચલાવી લેવું પડે!

આપણી ભાષામાં આ કહેવત ઘડા માટે નથી વપરાતી. સ્કિલ, આવડત, કૌશલ્ય માટે વપરાય છે. આપણે કાન સરવા ને નજર તેજ રાખીએ તો આ કહેવત ક્યાંક સાંભળવા-વાંચવા મળી જાય. અમુક વડીલો ટેક્નોલોજીનું કંઈક નવું શીખવાડીએ ત્યારે બહુ હળવાશથી કહે છે: અમે તો ખર્યું પાન કહેવાઈએ, અમને નવું ન આવડે. પાકા ઘડે થોડાં કાંઠા ચડે? ઘણાં પેરેન્ટ્સ ૨૦-૨૫ વર્ષના દીકરા-દીકરીને આ ટોન્ટ મારતા હોય છે. ઘણી વખત આ કહેવતનો ઉપયોગ ન થયો હોય ને વાત બીજી રીતે કહેવાઈ હોય તો પણ એનો અર્થ તો આ જ નીકળતો હોય છે : પાકા ઘડે કાંઠા ન ચડે.

આ જ કહેવત દુનિયાના કરોડો યુવાઓને લાગુ પડે છે. કિશોરવયમાં શીખવાની ઉંમરે જરૂરી સ્કિલ/કુશળતા શીખી નહીં એટલે મોટી ઉંમરે એવું કોઈ કામ આવડે નહીં કે જેમાંથી રોજગારી મળે. ઘણાં તક હોવા છતાં શીખ્યા નહીં, તો ઘણાંને શીખવું હતું, પણ તક મળી નહીં. સમય રહેતાં જેણે સ્કિલ વિકસાવી લીધી હોય એના માટે બેરોજગારીનો પ્રશ્ન એટલો મોટો રહેતો નથી. માન્યું, પૂરતી આવડત, ડિગ્રી હોવા છતાં ઘણાંને ક્ષમતા પ્રમાણેની નોકરી મળતી નથી, પરંતુ સ્કિલ પર ભાર મૂક્યો હોય એ લોકો તક તો ગમે તે રીતે સર્જી લેશે.

પણ આજે દુનિયામાં કરોડો યુવાનો એવા છે જેની પાસે ડિગ્રી છે, એનર્જી છે, સમય છે, શરીર સાથ આપે છે - પણ સ્કિલ નથી. સ્કિલ નથી એટલે નોકરી નથી. નોકરી નથી એટલે ક્વોલિટી લાઈફ નથી.

વિશ્વની વસતિ ૮૦૦ કરોડ છે. એમાંથી ૩૪૦ કરોડ લોકો નોકરી કરે છે ને હજુ દુનિયામાં ૭૩ કરોડ યુવાનો નિહાયત બેરોજગાર છે. આ કરોડો બેરોજગાર યુવાનોમાંથી ઘણાં બેરોજગારી ભથ્થાં પર નભે છે, ઘણાંનું પરિવાર પૂરું કરે છે. ઘણાં સંસ્થાઓની સહાયથી દિવસો કાઢી રહ્યા છે. આ યુવાનોને નોકરી ન મળવાનું સૌથી મોટું કારણ છે - આવડતનો અભાવ. આજની તારીખે દુનિયામાં ૨૮ કરોડ યુવાનો એવા છે જેમની પાસે કોઈ જ સ્કિલ નથી. અણઆવડત એ જ તેમની સૌથી મોટી ઓળખ છે. એમાંથી ઘણાં પાસે ડિગ્રીઓ છે, પણ ડિગ્રીઓ મેળવવા છતાં આટલા યુવક-યુવતીઓ પાસે આવડત નથી.

સરકારો તક સર્જતી નથી, ખાનગી કંપનીઓ નોકરીઓ આપવામાં ભેદભાવ કરે છે - એ બધા કારણો ને તર્કો થોડીવાર બાજુમાં મૂકીને વિચારીએ તો ખ્યાલ આવે કે જેનામાં કંઈ કરતાં કંઈ કરી શકવાની આવડત છે જ નહીં એને કોઈ શું કામ નોકરી આપે? નોકરી આપીને કામ શું કરાવે? કામ કરી દેશે તો એમાં કેટલી ભલીવાર હશે?

આ યુવાનો પાસે જો યોગ્ય આવડત હોત તો એ જગતના અર્થતંત્રમાં અસરકારક પ્રદાન કરી શકતા હોત. તેમની, તેમના પરિવારની અને તેમના દેશની આર્થિક સ્થિતિ સુધારવા માટે સ્કિલે મોટો ફાળો આપ્યો હોત. જો તેમની એનર્જીનો ઉપયોગ થાય તો મોટું પરિવર્તન આવી શકે એ વિચાર સાથે સંયુક્ત રાષ્ટ્રસંઘે ૨૦૧૪માં પહેલી વખત ૧૫મી જુલાઈએ વર્લ્ડ યૂથ સ્કિલ્સ ડે ઉજવ્યો હતો. ત્યારથી યુવાનોમાં કૌશલ્ય વિકસાવવાની અવેરનેસ આવે તે હેતુથી દુનિયાભરમાં દર વર્ષે ૧૫મી જુલાઈએ આ દિવસ સેલિબ્રેટ કરવામાં આવે છે. આ વર્ષની થીમ છે - શાંતિ અને વિકાસ માટે યુવા કૌશલ્ય.

૧૦-૧૦ વર્ષથી યુવાનોમાં સ્કિલ ડેવલપમેન્ટની અવેરનેસનું કામ થઈ રહ્યું છે છતાં હજુય કરોડો યુવાનો એકાદ આવડત વિકસાવવાની મહેનત કરતા નથી. એશિયા-આફ્રિકાના યુવાનો આળસમાં કશું શીખતા નથી એવી વ્યાપક માન્યતા છે. એ કેટલાંક અંશે સાચું હોવા છતાં એ જ સાચું નથી. અમેરિકા-યુરોપમાં પણ કરોડો યુવાનો સ્કિલ ડેવલપ કરવામાં બેદરકાર છે. સરકારી બેરોજગારી ભથ્થું મેળવીને ખુશ રહે છે.

ઈનોવા તથા કીયા કાર ભાડે થી મળશે
● ૫–સિટર ● ૭–સિટર ●





સંપર્ક– અનિલભાઈ મો.97242 60058




સંપર્ક–મિતેશ દેસાઈ Mo-9879518431
બ્લોક નં. એ–૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ–૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત

# વીજલાઇનના વિરોધમાં ૪ દિવસની જનજાગૃતિ રેલી

## સુરત જિલ્લા ખેડૂત સમાજ દ્વારા ગામે ગામે પહોચી ખેડૂતોને જાગૃત કરવામાં આવશે

સુરત જિલ્લા ખેડૂત સમાજ દ્વારા પાવર ગ્રીડ કોર્પોરેશન અને સ્ટરલાઈટ કંપનીની ૭૬૫ કેવી ટ્રાન્સમિશન વીજ લાઈનના વિરોધમાં જિલ્લામાં પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. ખેડૂતોમાં જાગૃતિ લાવવા માટે આ યાત્રા ૨૩મી જુલાઈ ના રોજ સવારે ૮.૩૦ કલાકે માંડવી તાલુકાના વિરપોર ગામથી શરૂ થશે. યાત્રાનો પ્રારંભઅસરગ્રસ્ત થયેલ ખેડૂતના ખેતરમાંથી પૂજાવિધિ સંપન્ન કરીને કરવામાં આવશે.

ટ્રાન્સમિશન વીજ લાઇન જે ખેડૂતોના ખેતરમાંથી પસાર થાય છે તે ખેડૂતોના ખાતામાં કલેક્ટરે નક્કી કરેલ વળતર કરતા ઓછું વળતર કંપની દ્વારા ચૂકવવામાં આવ્યું છે. જેનો ઠેર ઠેર વિરોધ કરવામાં આવી રહ્યો છે. ખેડૂતોમાં જાગૃતિ લાવવા માટે આ યાત્રાનું આયોજન કરવામાં આવ્યો છે. જેનો રૂટ ખેડૂત સમાજ દ્વારા જાહેર કરવામાં આવ્યો છે.

### ૨૩ થી ૨૬ જુલાઇ સુધી યોજનારી ખેડૂતોની પદયાત્રાનો કાર્યક્રમ

**23 જુલાઈ, 2025**
વિરપોરઃસવારે 8.30થી 10 વાગ્યે શાંતિ હવન, 10 થી 11 વાગ્યે સભા (11.30 ક્લાકે બપોરનું ભોજન).
- ઘલાઃ બપોરે 2 થી 2.30 વાગ્યે.
- ધાતવાઃ બપોરે 3.30 થી 4 (ચા).
- ડુંગરા-જીયોરઃ સાંજે 4.30 થી 5.
- નેત્રંગઃ સાંજે 5.45થી 6 વાગ્યે.
- દિગસઃ સાંજે 6.15 ક્લાકે સભા, ભજન મંડળ (રાત્રી રોકાણ).

**24 જુલાઈ, 2025**
- જાત ભરથાણાઃ સવારે 9 થી 9.15 વાગ્યે.
- ધારુઠાઃ સવારે 9.30થી 10
- આસ્તાઃ સવારે 10.30થી 11
- સેગવાઃ સવારે 11.30 થી 12 વાગ્યે (બપોરનું ભોજન).
- અલુરાઃ બપોરે 1.45 થી 2.15
- પાલીઃ બપોરે 2.30 થી 2.45 વાગ્યે.
- રૂઢીઃ બપોરે 3.15 થી 3.30 વાગ્યે.
- સેવણીઃ સાંજે 5 વાગ્યે સભા, ભજન મંડળ (રાત્રી રોકાણ).

**25 જુલાઈ, 2025**
- મીરાપુર અને ખાનપુરઃ સવારે 9.30 થી 10 વાગ્યે.
- મોતાઃ સવારે 11.30 થી 12 વાગ્યે (બપોરનું ભોજન).
- ઉંમરાખઃ બપોરે 4 થી 4.30 વાગ્યે.
- ગાંગપુરઃ સાંજે 5.30થી 5.45
- બરાસડીઃ સાંજે 6.30 વાગ્યે (રાત્રી રોકાણ અને ભોજન).

**26 જુલાઈ, 2025**
- સોયાણીઃ સવારે 9.30થી 10.
- પિસાડ અને વણેસાઃ સવારે 11 થી 11.30 વાગ્યે.
- ધામદોડઃ બપોરે 12થી 12.30.
- એનાઃ બપોરે 12.45 થી 1.15 વાગ્યે (બપોરનું ભોજન).
- ઘલુડાઃ બપોરે 2.10 થી 2.30 વાગ્યે (ચા).
- કણાવઃ બપોરે 3 થી 3.30 વાગ્યે.
- મલેકપોરઃ બપોરે 4થી 4.15.
- સિયોદઃ સાંજે 5થી 5.30 .
- પૂણી : સાંજે 6 થી 6.15 વાગ્યે.
- પારડી-પાતાઃ સાંજે 7.15 વાગ્યે (સાંજનું ભોજન).

## જય જવાન જય કિસાન પદયાત્રા પ્રવાસ સમિતિ દ્વારા પદયાત્રામાં જોડાવાનું આહ્વાન



જય જવાન જય કિસાન પદયાત્રા પ્રવાસ સમિતિ દ્વારા આજ રોજ ૩૦ ગામના ખેડૂતોની મુલાકાત કરી મોટી સંખ્યામાં પદયાત્રામાં જોડાવાનું આહ્વાન કરવામાં આવ્યું

## પ્લાસ્ટિક મુક્ત અભિયાનઃ સોનગઢમાં ૧૦૦૦ કાપડની થેલીનું વિતરણ, મંત્રી કુંવરજી હળપતિની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો

તાપી (વ્યારા)- સોનગઢમાં આજે 'પ્લાસ્ટિક હટાવો, જીવન બચાવો' અભિયાન અંતર્ગત એક મહત્વપૂર્ણ પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમ ગંગા સમગ્ર તાપી પ્રાંત, માનવતા જાગૃત ટ્રસ્ટ અને સરકારી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સોનગઢ NSS ના સંયુક્ત પ્રયાસથી આયોજિત કરવામાં આવ્યો હતો.




કાર્યક્રમમાં ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર, ગ્રામવિકાસ વિભાગના રાજયકક્ષાના મંત્રી કુંવરજીભાઈ હળપતિ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે લોકોને પ્લાસ્ટિકના ઉપયોગને ટાળવા અને કાપડની થેલીનો ઉપયોગ કરવા અનુરોધ કર્યો.

માનવતા જાગૃત ટ્રસ્ટના મુખ્ય ટ્રસ્ટી ભરતભાઈ લિંબાચિયા મુંબઈથી ખાસ આ કાર્યક્રમ માટે પધાર્યા હતા. કાર્યક્રમમાં સોનગઢ નગરપાલિકાના પદાધિકારીઓ, કોર્પોરેટર્સ અને અગ્રણી નાગરિકો પણ જોડાયા હતા.

## ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનાના લાભાર્થીઓ જોગ સંદેશ

## હયાતી ખરાઈ તથા પુનઃલગ્ન ન કર્યા અંગેના દાખલાનું વેરિફિકેશન મામલતદાર કચેરી ખાતે ફરજિયાત કરવા અપીલ

**તાપી-**તાપી જિલ્લામાં હાલ ૨૯,૦૦૦ જેટલી ગંગા સ્વરૂપા બહેનો આર્થિક સહાય યોજનાના લાભાર્થી તરીકે નોંધાયેલ છે. તેમને દર મહિને ડી.બી.ટી.ના માધ્યમથી સીધી ચુકવણી તેમના બચત ખાતામાં કરવામાં આવે છે. નિયત સમયસર સહાય ચાલુ રહે તથા કોઇ મુશ્કેલી ઉભી ન થાય તે માટે જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી સુલોચના એસ. પટેલ દ્વારા હયાતી ખરાઈ તથા પુનઃલગ્ન ન કર્યા અંગેના દાખલાનું વેરિફિકેશન મામલતદાર કચેરી ખાતે ફરજિયાત કરવા અપીલ કરવામાં આવી છે.

જેમાં ગંગા સ્વરૂપા યોજનાના તમામ લાભાર્થીઓએ પોતાની હયાતી ખરાઈ તાત્કાલીક અસરથી મામલતદાર કચેરી ખાતે કરાવવી જરૂરી છે.૧૮ થી ૫૦ વર્ષ વયના લાભાર્થીઓએ પુનઃલગ્ન ન કર્યા અંગેનો તલાટીશ્રીનો દાખલો પણ મામલતદાર કચેરી ખાતે રજુ કરવાનો રહેશે.

જે લાભાર્થી બહેનોનું અવસાન થયેલ હોય, તેમના કુટુંબીજનોએ ગ્રામ પંચાયત/ નગરપાલિકા ખાતે મરણ નોંધણી કરાવવી અનિવાર્ય છે. તેમજ મરણનો દાખલો મામલતદાર કચેરીમાં જમા કરાવવો જરૂરી છે. જો મરણ બાદ પણ સહાય જમા થતી રહે છે તો સંબંધિત રકમ રિકવરી કરવામાં આવશે.

ઉપરોક્ત બાબતો અંગે તાલુકા કક્ષાએ મામલતદારશ્રીનીકચેરી વ્યારા ખાતે પ્રવિણભાઇ ગામીત,ડોલવણ તાલુકા ખાતે કાર્તિકભાઇ ચૌધરી, ઉચ્છલ તાલુકા ખાતે નયનભાઇ ,વાલોડ તાલુકા ખાતે હેમાંશુભાઇ પટેલ, સોનગઢ તાલુકા ખાતે ગામીત રવિભાઇ, નિઝર તાલુકા ખાતે દિપકભાઇ પાડવી અને કુકરમુંડા ખાતે નીશાબેન તેમજ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી બ્લોક-નં-૪ ખાતે ગામીત બિપિનભાઇ નો સંપર્ક કરવો. ટેલીફોન નં-૦૨૬૨૬-૨૨૨૨૨૦ સંપર્ક કરી શકશો. એમ જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી સુલોચના એસ.પટેલની અખબારી યાદીમાં જણાવેલ છે.

## ઓલાણ ખાડી પુલનું નિર્માણ અટક્યું:મહુવા-અનાવલ રોડ પર ઓલાણ ખાડી પુલનું નિર્માણ કાર્ય જમીન સંપાદનના વાંકે અટક્યું

બારડોલી- મહુવા અને અનાવલને જોડતા મુખ્ય માર્ગ પર ઓલાણ ખાડી પર નિર્માણ પામેલો નવો પુલ પૂરો થવા આવ્યો છે. આ નવનિર્મિત પુલ પૂના અને વાલવાડા ગામો વચ્ચેની કનેક્ટિવિટીમાં નોંધપાત્ર સુધારો કરશે, જેનાથી સ્થાનિક રહેવાસીઓને ફાયદો થશે અને પ્રાદેશિક વિકાસને વેગ મળશે.

માર્ગ મકાન વિભાગના જણાવ્યા અનુસાર પુલના મુખ્ય માળખાનું મોટાભાગનું કામ પૂર્ણ થઈ ગયું છે. જોકે, પુલના બંને છેડેના એપ્રોચ રોડનું કામ જમીન સંપાદનની પ્રક્રિયા બાકી હોવાથી શરૂ થઈ શક્યું નથી. હાલમાં જિલ્લામાં અનેક રસ્તાના કામ થઇ રહ્યાં છે જેથી લોકોને પડતી હાલાકી દૂર થાય તેજ રીતે આ માર્ગ પણ ઝડપથી બને તો લોકોની સુવિધામાં વધારો થઇ શકે. નવા પુલની ડાઉનસ્ટ્રીમ બાજુએ આવેલા ઓલાણ ખાડી પરના હાલના જૂના પુલનું પણ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ નિરીક્ષણ ડિઝાઇન સર્કલ, ગાંધીનગરના અધિકારીઓ, માન્ય કન્સલ્ટન્ટ્સ, નાયબ કાર્યપાલક ઇજનેર, અને અધિક મદદનીશ ઇજનેર દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું હતું.

## વડકુઈ-વાસકૂઈ-નાનીચેર રોડના કામચલાઉ ડાયવર્ઝન બંધ કરી વૈકલ્પિક માર્ગ માટેનું જાહેરનામું બહાર પડાયું

**તાપી-**કાર્યપાલક ઇજનેર શ્રી મા.અને મ. પંચાયત વિભાગ તાપી દ્વારા વડકુઇ વાસકુઇ નાનીચેર રોડ વ્યારા તાલુકાના રસ્તા પર લોકલ ખાડી પરના હયાત કોઝવેના સ્થાને માઇનોર બ્રિજ બનાવવાનું કામ શરૂ છે જેના માટે કામચલાઉ ડાયવર્ઝન ચોમાસામાં ઉપયોગમાં ન લઈ શકાય તેમ હોવાથી આ રસ્તો બંધ કરી વ્યારા જવા માટે ૧) વડકુઈ-ડુંગળી ફળિયા પંચાયત ઘરથી લીમડદા સુધીનો ડામર રસ્તો ૨) લીમડદા વડકુઈ રોડ પરથી ડાયવર્ઝન કરવા માટેની દરખાસ્તને આધારે તેમજ પોલીસ અધિક્ષક અને પ્રાંત અધિકારીશ્રીના અભિપ્રાયને આધારે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી આર.આર. બોરડ દ્વારા વડકુઈ વાસકુઈ નાનીચેર રોડ પરના કામચલાઉ ડાયવર્ઝન બંધ કરી તેના બદલે ઉપર જણાવેલા ૨ વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવાનો રહેશે. આ જાહેરનામું ૧૫/૦૯/૨૨૫ સુધી અમલમાં રહેશે. આથી તાપી જિલ્લામાં હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના અધિકારી આ જાહેરનામાના ભંગ બદલ ફરિયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે. આ હુકમનો ભંગ કરનાર સામે પો. અ. ૧૯૫૧ ની કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર બનશે.

॥ શ્રી સદ્ગુરૂ કૃપા ॥
જીતેન્દ્રસિંહ પરમાર Mo. 97274 10292 94268 10292
શ્રીબાલાજી
ડાઈનીંગ હોલ
ગુજરાતી થાળી મળશે.
જમવાનું ૧૩૦/-
પાર્સલ ૧૫૦/-



શુધ્ધ શાકાહારી સ્વાદીષ્ટ ભોજન તથા શુભ પ્રસંગે ડિશ પ્રમાણે ઓર્ડર લેવામાં આવશે.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# મોતા કેળવણી મંડળ સંચાલિત શ્રી શાંતારામ ભટ્ટ અંગ્રેજી માધ્યમ શાળા, મોતા દ્વારા International chess day નિમિત્તે chess સ્પર્ધાનું ભવ્ય આયોજન






**રીપોર્ટર : રાકેશ પટેલ-** તા. ૨૦/૦૭/૨૫ ના રોજ ઇન્ટરનેશનલ ચેસ ડે નિમિતે શાળામાં chess week નું આયોજન કરવામાં આવ્યું હતું. chess જેવી રમત બાળકોના બૌદ્ધિક વિકાસ સાથે જોડાયેલી રમત છે. આ રમતથી બાળકો માં ધૈર્ય અને નિર્ણય શક્તિનો વિકાસ થાય છે. આથી દરેક બાળકને તક મળે એ હેતુથી શાળામાં chess week નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં PT ના શિક્ષક પરેશભાઈ એ સ્પર્ધાના નિયમ સમજાવ્યા હતા, PT શિક્ષિકા અભિષાબેને સંપૂર્ણ ભવયતત સ્પર્ધાનું ખુબ જ સુંદર આયોજન કર્યું હતું.

જેમાં રાબિયા શૈખે એમનો સંપૂર્ણ સહકાર આપ્યો હતો. આ સ્પર્ધામાં state level chess માં ભાગ લઇ ચૂકેલી આપણી શાળાની વિદ્યાર્થીનીએ રેફરી તરીકે ફરજ બજાવી હતી. આ સ્પર્ધામાં તમિં. ૪ TO ૮ ના તમામ રસ ધરાવતા બાળકોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. જેમાંથી ૧૦૦ જેટલાં બાળકો સેમી ફાઇનલ માં આવ્યા હતા અને તેમાંથી ૩૦ બાળકો વિજેતા થયાં હતા. તેમજ વિજેતા થયેલા તમામ બાળકોને




certificate આપી સન્માન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં ભાગ લેતા તમામ બાળકોને આખા વર્ષ દરમિયાન શિક્ષકો દ્વારા પ્રેકટીસ કરાવવામાં આવતી હોઈ છે.

આ તમામ બાળકોને તેમજ વાલીમિત્રોને મોતા કેળવણી મંડળ ના પ્રમુખશ્રી નવીનભાઈ પટેલ તથા આચાર્યશ્રી દિપીકાબેન પટેલ તેમજ સમસ્ત શાળા પરિવારે શુભેચ્છા પાઠવી હતી તેમજ વાલીઓનો વિશેષ આભાર માન્યો હતો.

# સુરત ગ્રામ્ય વિસ્તારમાં માંડવી પોલીસે 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ અંતર્ગત મહત્વની સફળતા મેળવી છે

## પોલીસે CIER પોર્ટલની મદદથી કુલ ૬ ગુમ થયેલા મોબાઈલ ફોન શોધી કાઢ્યા છે. આ મોબાઈલની કુલ કિંમત રૂ. ૮૭,૦૦૦ છે



**રિપોર્ટર- દક્ષેશ પટેલ, માંડવી**પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીર સિંહ અને નાયબ પોલીસ મહાનિરીક્ષક હિતેશકુમાર જોયસરના માર્ગદર્શન હેઠળ આ કામગીરી હાથ ધરવામાં આવી હતી. વિભાગીય પોલીસ અધિકારી બી.કે. વનાર અને પોલીસ ઈન્સપેક્ટર એ.એસ.ચૌહાણની આગેવાનીમાં ખાસ ટીમ બનાવવામાં આવી હતી.

શોધી કાઢવામાં આવેલા મોબાઈલમાં VIVO V-21 (રૂ.૧૫,૦૦૦), ONE PLUS CE 3 (રૂ.૨૦,૦૦૦), REALME-8 પ્રો (રૂ.૧૦,૦૦૦), SAMSUNG M-૨૧ (રૂ.૧૦,૦૦૦), VIVO (રૂ.૧૨,૦૦૦) અને ONE PLUS ૧૦ (રૂ.૨૦,૦૦૦) નો સમાવેશ થાય છે. માંડવી પોલીસ સ્ટેશન ખાતે યોજાયેલા વિશેષ કાર્યક્રમમાં આ તમામ મોબાઈલ તેમના મૂળ માલિકોને પરત સોંપવામાં આવ્યા છે. આ સફળ કામગીરી માંડવી પોલીસ સ્ટેશનના તમામ કર્મચારીઓના સંયુક્ત પ્રયાસોથી શક્ય બની છે. પોલીસે નાગરિકોના ગુમ થયેલા મોબાઈલ શોધવાની કામગીરીને પ્રાથમિકતા આપી રહી છે.

# સુરત જિલ્લાના માંડવી તાલુકાના ધંટોલી ગામેથી સાત જુગારીયાઓને ઝડપી પાડતી માંડવી પોલીસ

## ૭ જુગારીયા સહિત રૂ. ૧૩૭,૭૭૦ નો મુદ્દા માલ ઝડપી પડ્યો



**રિપોર્ટર- દક્ષેશ પટેલ, માંડવી** માંડવી પોલીસ તંત્રના દિપકભાઈ સોનુ સિંહ તેમજ મહેશભાઈ, જયભાઈ તથા સાગરભાઇ, ભદ્રેશભાઈ પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન મળેલ બાતમીના આધારે માંડવી તાલુકાના ધંટોલીગામે ગામ ફળિયા ની ખુલ્લી સીમની જગ્યામાં ભેગા મળી ચોરી છૂપીથી ગંજી પાના વડે તીન પત્તીનો જુગાર રમાડતા હોવાની બાતમી મળી હતી જેને કારણે ધંટોલી ખાતે રેડ કરતા અરૂણભાઇ ચૌધરી, આનંદભાઈ ચૌધરી, રોશન ભાઈ ચૌધરી, વિજયભાઈ વસાવા, જીતુભાઈ વસાવા, કૈલાશ શાલુકે, જયદીપભાઇ ચૌધરી, મળી કુલ૭ ઇસમો સહિત રૂ. ૧, ૩૭,૭૭૦ નો મુદ્દામાલ ઝડપી પાડી માંડવી પોલીસ તંત્ર દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# સુરતમાં લકઝરી બસમાંથી દારૂનો મોટો જથ્થો ઝડપાયો

## રામદર્શન ટ્રાવેલ્સની બસમા છુપાવેલો ૧૩.૬૭ લાખનો વિદેશી દારૂ મળ્યો, ત્રણની ધરપકડ




**૨૫ લાખની કિંમતની લક્ઝરી બસ, ત્રણ મોબાઈલ ફોન અને પ્લાસ્ટિક વેસ્ટ મટીરિયલ્સની ૬૬ બેગો સહિત કુલ ૩૯.૨૮ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો**

બારડોલી- સુરત ગ્રામ્ય પોલીસે નવસારીથી વડોદરા જતી રામદર્શન ટ્રાવેલ્સની લક્ઝરી બસમાંથી વિદેશી દારૂનો મોટો જથ્થો પકડ્યો છે. પોલીસ મહાનિરીક્ષક પ્રેમ વીર સિંહની દેખરેખમાં પ્રોહિબિશન વિરોધી અભિયાન હેઠળ આ કાર્યવાહી કરવામાં આવી. એલસીબી શાખાની બાતમીના આધારે માખીગા ગામની સીમમાં નેશનલ હાઈવે-૪૮ પર નાકાબંધી કરવામાં આવી. બસ ની ડિકીમાં પ્લાસ્ટિક વેસ્ટ મટીરિયલ્સની ગુણોમાં દારૂનો જથ્થો છુપાવેલો મળ્યો.

પોલીસે બસના ચાલક સુનીલભાઈ સરવૈયા (૨૯), બીજા ચાલક હાર્દિકભાઈ ગોડલીયા (૨૬) અને ક્લીનર તુષારભાઈ ચૌહાણ (૨૨) ની ધરપકડ કરી છે. દારૂનો જથ્થો ભરનાર ટેમ્પો ચાલક, ત્રણ મજૂરો અને રામદર્શન ટ્રાવેલ્સના માલિક આશિષભાઈ ધાંધલ હજુ ફરાર છે.

પોલીસે ૪૩૨૦ વિદેશી દારૂની બોટલ જપ્ત કરી છે. આ ઉપરાંત ૨૫ લાખની કિંમતની લક્ઝરી બસ, ત્રણ મોબાઈલ ફોન અને પ્લાસ્ટિક વેસ્ટ મટીરિયલ્સની ૬૬ બેગો સહિત કુલ ૩૯.૨૮ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. નાયબ પોલીસ મહાનિરીક્ષક હિતેશકુમાર જોયસર અને એલસીબીના પોલીસ ઇન્સ્પેક્ટર આર. બી. ભટોળના માર્ગદર્શન હેઠળ આ કાર્યવાહી કરવામાં આવી. આરોપીઓને મુદ્દામાલ સાથે પલસાણા પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યા છે.

# સાબરડેરી ખાતે આંદોલન કેસમાં ૪૧ પશુપાલકોને જામીન મંજુર, ૬ ની આજે સુનાવણી



સાબરડેરીના દૂધના વાર્ષિક ભાવફેરના વિરોધમાં થયા હિંસક પ્રદર્શન મામલે આજે મહત્વપૂર્ણ ઘટનાક્રમ સામે આવ્યો છે. હિંમતનગર સેશન કોર્ટે આ કેસમાં ધરપકડ કરાયેલા ૪૭ માંથી ૪૧ પશુપાલકોને જામીન મંજુર કર્યા છે, જયારે બાકીના ૬ આરોપીઓ અંગે આવતીકાલે સુનાવણી હાથ ધરાશે.

૧૪ જુલાઈએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના પશુપાલકોએ સાબરડેરી સામે વિરોધ પ્રદર્શન કર્યુંહતું. દરમિયાન પોલીસ અને પશુપાલકો વચ્ચે ઘર્ષણ સર્જાયું હતું. આ મામલે હિંમતનગરના ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ૭૪ નામજોગ સહિત લગભગ ૯૦૦ થી ૧૦૦૦ લોકોએ સંડોવાયેલા હોવાના આક્ષેપ સાથે ફરિયાદ નોંધાઈ હતી. જેમાંથી ૪૭ આરોપીઓને પોલીસે ધરપકડ કરી હતી. આજની સુનાવણીમાં કોર્ટે ૪૧ પશુપાલકોને રૂ. ૧૫,૦૦૦ ના મુચલકા પર જામીન મંજૂર કર્યા છે. વકીલ અરવિંદભાઈ પટેલ દ્વારા જણાવાયું કે, જામીન શરતોમાં ફરિયાદી પક્ષને ધમકી નહીં આપવી, પાસપોર્ટ જમા કરાવવો, રાજય બહાર જવા માટે કોર્ટની મંજૂરી લેવી, તેમજ સરનામું બદલવા માટે કોર્ટને જાણ કરવી સહિતના નિયમોનો સમાવેશ થાય છે. તેમજ આરોપીઓ કોઈપણ ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવાશે નહીં તે અંગે પણ શરત મૂકવામાં આવી છે.હવે તમામની નજર આવતીકાલે બાકી રહેલા ૬ આરોપીઓની સુનાવણી પર ટકેલી.

# અમદાવાદ, વડોદરા, સુરત સહિતના શહેરોમાં ૧૬ પંપમાં ગેરરીતિ સામે આવી, દંડ ફટકાર્યો




અમદાવાદ- રાજયના તોલમાપ તંત્ર દ્વારા ગત તા. ૧૮-૧૯ જુલાઈના રોજ રાજયવ્યાપી બે દિવસની વિશેષ ડ્રાઈવ યોજવામાં આવી હતી. જેમાં વિવિધ શહેરો- હાઈવે પર આવેલા ૨૬૭ જેટલા પેટ્રોલ-ડિઝલ પંપ ઉપર દરોડા પાડીને સ્થળ તપાસ કરી હતી. આ દરોડા દરમિયાન ૧૬ જેટલા પેટ્રોલ-ડિઝલ પંપ પર ગેરરીતિ જણાતાં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. નિયંત્રક, કાનૂની માપ વિજ્ઞાન અને ગ્રાહક બાબતોની કચેરી દ્વારા સામૂહિક ઝુંબેશ રૂપે રાજયના તમામ 33 જિલ્લામાં અલગ-અલગ પેટ્રોલ-ડીઝલ પંપોની આકસ્મિક તપાસણી હાથ ધરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં અમદાવાદ જિલ્લામાં 3, વડોદરા, સુરત, બોટાદ, સુરેન્દ્રનગર, મહેસાણા, હિંમતનગર અને મોરબી જિલ્લામાં ૧-૧ એમ કુલ ૧૬ પેટ્રોલ અને ડીઝલ પંપનો સમાવેશ થાય છે.


## જોઈએ છે..! જોઈએ છે..!



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..

આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો

http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

## ભાડેથી જોઈએ છે
રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી



બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...

આત્મીય પ્રોપર્ટી બારડોલી
+91-9016924808


## ભાવપુર્ણ શ્રધ્ધાંજલિ



**સ્વ. માધુસિંહ ગોવિંદસિંહ ચૌહાણ**
**સ્વ. તા. ૧૬-૦૭-૨૦૨૫ બુધવાર**

રડી પડે છે આંખો અમારી, દરેક પ્રસંગે ખટકશે ખોટ તમારી, પળભરમાં છેતરી ગયા અમને, માત્ર યાદગીરીના પુષ્પો અને વહેતા આંસુના અભિષેક અર્પણ કરીએ છીએ. પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે તે જ પ્રાર્થના..

શોકાકુલ

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
તંત્રી- હિમાંશુ કે. ઠાકોર

Gujarat Aatmiyata News
gujarataatmiyata.in
Editor- હિમાંબેન હિમાંશુ ઠાકોર

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).